## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

છેલ્લા ચાર વેલેન્ટાઈન ડે પર આ મને પ્રપોઝ કરતો... ગયા વેલેન્ટાઈન ડે પર મેં હા પાડી અને મેરેજ પણ કરી લીધા...

# ગાંધીનગરમાં યથાવત રહેલુ ઠંડીનું મોજુ

ગાંધીનગર, તા. ૯

શહેરમાં સતત બીજા દિવસે પણ ઠંડીનું મોજુ યથાવત રહ્યુ હતુ. રાત્રીના સમયે ઠંડીની અસર વધુ રહી હતી. લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. નોંધાયુ હતુ.

ફેબ્રુઆરી મહિનો બેસતા ઠંડીની વધ-ઘટ ચાલુ રહી છે. ઠંડીની અસર ક્યારેક વધુ વર્તાય છે તો ક્યારેક ઓછી. ક્યારેક તો જાણે ઉનાળો આવી ગયો હોય તેમ ગરમી લાગવા માંડે છે અને સ્વેટર, શાલ મુકી દેવાની ઈચ્છા થાય છે. ક્યારેક તો પંખા ચલાવવાની ઈચ્છા થઈ જાય છે. વળી સાંજ પડતાં જ જાણે અચાનક જ ઠંડી વધી જાય છે. પવનની દિશા બદલાતા જ જાણે ઠંડો પવન ચારે દિશામાંથી ફૂંકાવા લાગે છે અને ઘરના બારી-બારણા બંધ કરી દેવાની ફરજ પડે છે. છેલ્લા બે દિવસથી આવુ જ વાતાવરણ અનુભવાઈ રહ્યું છે. ક્યારેક ખુબ જ ઠંડી લાગે છે તો ક્યારેક હુંફાળુ વાતાવરણ અનુભવાય છે. ગઈકાલે રાત્રે લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. સુધી ગગડી ગયુ હતુ. અચાનક વધેલી ઠંડીના કારણે વાતાવરણ પર તેની સીધી અસર જોવા મળી રહી છે.

## જિલ્લામાં આ સપ્તાહમાં ઠંડી અને પવનોનું જોર ઘટવાની સંભાવના

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આ સપ્તાહમાં ઠંડીનું જોર ઘટશે તેવી સંભાવનાઓ છે. તેમજ પવનની ગતિમાં પણ ઘટાડો થશે તેવી સંભાવનાઓ છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૧૦મીથી ૧૪ ફેબ્રુઆરી દરમ્યાન આકાશ અંશતઃ વાદળછાયુથી ચોખ્ખુ રહેશે. મહત્તમ તાપમાન ૩૧-૩૩ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૯ થી ૧૨ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૯ થી ૬૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૮ થી ૧૦ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવાયુ છે કે પાકોમાં રોગ/જીવાતોનો ઉપદ્રવ થવાની શક્યતા હોઈ તેના નિયંત્રણ માટે ગ્રામસેવક સાથે પરામર્શમાં રહી જરૂરી પગલાં લેવા. પરિપક્વ શાકભાજી તથા ફળ પાકોના ફળ ઉતારીને તેનું વર્ગીકરણ કરી બજારમાં વેચાણ માટે મુકવા. વહેલી વાવણી કરેલ પાકોની પરિપક્વ અવસ્થાએ કાપણી માટે આયોજન કરવાની સલાહ પણ આપવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- સે. ૨૭ માં પાણી લિકેજ થવાની ફરિયાદ તંત્ર દ્વારા સાંભળવામાં ન આવતાં વસાહતીઓમાં રોષની લાગણી જન્મી છે.
- ગાંધીનગરની કોલેજોમાં ફિનીશીંગ સ્કુલ્સ પ્રોજેક્ટ્સને સારો પ્રતિસાદ મળ્યો છે. ૧૦ દિવસની ખાસ તાલિમ સ્થાનતક અને યુવાનો માટે શરૂ કરવામાં આવેલ છે. બે બેચ તો પુરી થઈ જવા પામી હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગરની કોલેજોમાં વિદ્યાર્થીઓ આવવાના શરૂ થતાં કોલેજ કેમ્પસ પુનઃ જીવંત બન્યુ છે.
- જિલ્લામાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકોને લઈ રાજ્ય ચૂંટણી પંચે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરી છે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ૧૭૦ જેટલા પરવાનેદારોએ તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દીધા છે.
- જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીનો ચાર્જ સંભાળતા ડૉ. ધર્મેશ પરીખ સામાજિક પ્રસંગને લઈ રજા પર ઉતર્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની વધ-ઘટ એ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

## સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરીગેશન એન્ડ પાવરમાં પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૯

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરીગેશન એન્ડ પાવરમાં ઉપપ્રમુખ તરીકે ગુજરાતના સચિવ વિવેક કાપડિયાની પસંદગી થઈ છે. તેઓ ગુજરાત સરકારના સચિવ અને નર્મદા નિગમના નિયામક મંડળમાં છે.

વિવેક કાપડિયાની પસંદગી થતાં સિંચાઈ વિભાગના તેમજ રાજ્યના ઈજેરી વર્ગમાં ગૌરવ અને આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

## કોંગી ઉમેદવારે ફોર્મ ખેંચતા નારણપુરાની બેઠક ભાજપે ચૂંટણી પહેલા જીતી

અમદાવાદ, તા. ૯

અમદાવાદ શહેરમાં કોંગ્રેસને વધુ એક ફટકો પડ્યો હોવાની વિગતો સામે આવી રહી છે અને આ ફટકો કોઈ જેવો તેવો ફટકો નહીં પરંતુ કોંગ્રેસે અમદાવાદ શહેરની નારણપુરા વોર્ડની એક બેઠક જ ગુમાવી દીધી છે. અને સૌથી મહત્વની બાબત એ પણ કહી શકાય કે, કોંગ્રેસને કોંગ્રેસનાં કારણે જ ભાજપને બિનહરીફ બનાવી ચૂંટણી પહેલા જ વિજયનાં હારતોરા કરાવી દીધા છે.

નારણપુરા કોંગ્રેસના મહિલા ઉમેદવારે પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચ્યું છે. નારણપુરા બક્ષીપંચ બેઠક પરથી કોંગ્રેસનાં ચંદ્રિકા રાવળે કોંગ્રેસના મેન્ડેટ સાથે ફોર્મ ભર્યું હતું. કોંગ્રેસનાં ચંદ્રિકા રાવળે ફોર્મ પરત ખેંચતા ભાજપનાં બ્રિન્દાબેન સુરતી બિનહરીફ જાહેર થઈ ગયા છે અને ભાજપે આ બેઠક ચૂંટણી પહેલા જ જીતી લીધી છે. ઉલ્લેખનીય છે કે, મતદાન પહેલા જ અમદાવાદ કોંગ્રેસે શહેરમાંની ૩ બેઠકો ગુમાવી. ઉલ્લેખનીય છે કે, પૂર્વે સરદારનગર અને ઠક્કરનગરમાં કોંગ્રેસ એક -એક બેઠક ગુમાવી ચૂકી છે અને ચૂંટણી પૂર્વે જ બે બેઠકો ભાજપની જોળીમાં ચાલી ગઈ હતી અને આ આજે નારણપુરાનાં મહિલા કોંગ્રેસી ઉમેદવાર દ્વારા ફોર્મ પરત ખેચવામાં આવતા વળી પાછો એક બેઠકનો લોસ લખાઈ ગયો છે.

# ધોરણ-૧૦ બોર્ડની પ્રાયોગિક પરીક્ષા ૧૦ એપ્રિલથી શરૂ થશે

ગાંધીનગર, તા.૯

રાજ્યમાં ધોરણ ૧૦ બોર્ડની મુખ્ય પરીક્ષા પહેલા પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા ૧૦ એપ્રિલથી શરૂ કરવા બોર્ડ દ્વારા ચૂચના આપવામાં આવી છે. જ્યારે મરજીયાત વિષયની પરીક્ષા શાળા ખાતે લેવાશે. મરજિયાત વિષયની પરીક્ષા ૧૫થી ૧૭ એપ્રિલના રોજ લેવાશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડની વેબસાઈટ પર વિદ્યાર્થીઓની પરીક્ષાના ગુણ મુકવામાં આવશે. નોંધનીય છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની તારીખો જાહેર કરી દેવાઈ છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૧૦ મેથી તારીખ ૨૫ મે દરમ્યાન લેવામાં આવશે. ધોરણ ૧૨ સંસ્કૃત માધ્યમ અને ધોરણ ૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા ૧૭ મેથી શરૂ થશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ ૧૦ની પરીક્ષા ૧૦ મેથી શરૂ થશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ની પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બોર્ડની પરીક્ષાને લઈને છેલ્લા કેટલાય સમયથી ચાલતા અસમંજસ વચ્ચે બોર્ડ દ્વારા ધો-૧૨ સાયન્સના ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરાયા બાદ હવે ધો-૧૦ના ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરી છે. સ્કૂલો ધો-૧૦ના વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ૫ માર્ચ સુધી રેગ્યુલર ફી સાથે ભરી શકશે. હવે માત્ર ધો-૧૨ સામાન્ય પ્રવાહની ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી બાકી હોઈ સંભવત ૧૫ ફેબ્રુઆરી નજીક તેની કામગીરી પણ શરૂ કરી દેવાશે. રાજ્યમાં કોરોનાના કહેર વચ્ચે માર્ચ-૨૦૨૦થી સ્કૂલો બંધ કરી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું.

તે વખતે બોર્ડની પરીક્ષા ચાલતી હોઈ પુરતી તકેદારી સાથે બોર્ડની પરીક્ષા પુર્ણ કરવામાં આવી હતી. જોકે, ત્યાર બાદ સ્કૂલોમાં માત્ર ઓનલાઈન જ શિક્ષણ ચાલતુ હોઈ બોર્ડની પરીક્ષાને લઈને અનેક પ્રશ્નો ઉભા થયા હતા. રાજ્યમાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવાશે અને તે મે માસમાં લેવાનું આયોજન કરાયું હોવાની શિક્ષણ મંત્રીએ જાહેરાત કર્યા બાદ વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા હતા. બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરતા પહેલા પરીક્ષા માટે જરૂરી સ્કૂલોના રજિસ્ટ્રેશન અને શિક્ષકોના રજિસ્ટ્રેશનની કામગીરી શરૂ કરી હતી. આમ, શાળા અને શિક્ષકોના રજિસ્ટ્રેશનની કામગીરી બાદ બોર્ડ દ્વારા સૌપ્રથમ ધો-૧૨ સાયન્સની પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ કામગીરી હજુ ૨૦ ફેબ્રુઆરી સુધી ચાલશે.

## જાસપુર નજીક થી દેશી બનાવટની બંદુક સાથે ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના જાસપુર ગામ પાસે આવેલા સાયફન નજીકથી એક દેશી બનાવટની બંદુક સાથે ડફેરને એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યો છે. એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા જવાનો સાથે કલોલ તાલુકાના સાંતેજ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે શેરીસા કેનાલ નજીક આવતા કોન્સ્ટેબલ ભવાનીસિંહ અને રવિન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. શેરીસા નર્મદા કેનાલ થી જાસપુર તરફ સાયફન નજીક માર્ગ પર એક અજાણ્યો શખ્સ બંદુક સાથે ફરી રહ્યો છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈને કોર્ડન કરીને શખ્સને પકડી પાડ્યો હતો. પોલીસે તેનુ નામ પુછતા કાસમભાઈ કાળુભાઈ ઉર્ફે પુનાભાઈ સંધી (ડફેર)(ઉ.૫૫, રહે.મહેસાણા રાધનપુર ચાર રસ્તાનજીક લશ્કરી કુવા મહેસાણા) હોવાનું જણાવ્યું હતું.તેની પાસે હાથમાં રહેલ હથીયાર જોતા એક દેશી બનાવટની બંદુક (અગ્નિશસ્ત્ર) મળી આવી હતી. આ હથીયાર અંગે પુછતા તેણે શોએબ હયાત સંધી (ડફેર) (રહે.જેઠલજ તા.કલોલ) આપ્યું હોવાનું જણાવ્યું હતું. એલસીબી-એ બંદુક સાથે ડફેરને પકડી પાડી હથીયારધારા હેઠળ ગુનો નોંધી શોએબ સંધીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# રાયસણ પેટ્રોલ પંપ પાસે કાર અને લક્ઝરી બસનો અકસ્માત

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર કોબા માર્ગ પર મોડી સાંજે રાયસણ પેટ્રોલ પંપ નજીક લક્ઝરી બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા કાર ચાલકને ઈજા પહોંચી હતી. લક્ઝરીની ટક્કરથી કાર પલ્ટી ખાઈને ડીવાઈડર પર ચઢી ગઈ હતી.

મળતી માહિતી મુજબ પીડીપીયુ માર્ગ પર વૈદિકા ઓક્ઝોટીકા બંગલા નંબર ૪૯ ખાતે રહેતા કે.આર. શ્રીનિવાસ ઉં.વ. ૪૨ પોતાની ગાડી જીજે.૧૮.એસી.૪૫૩૬ નીફટથી ઘર તરફ જઈ રહ્યા હતા તે સમયે રાયસણ પેટ્રોલ પંપ નજીક લક્ઝરી બસ જીજે.૧૮.એક્સ.૨૪૬૨ના ચાલકે પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં કાર પલટી ખાઈને ડીવાઈડર પર ચઢી ગઈ હતી. અકસ્માતને લઈ તાત્કાલિક નાગરિકો એકઠા થઈ ગયા હતા. કારચાલકને બહાર કાઢી ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખસેડ્યા હતા. અકસ્માતમાં કારને ભારે નુકશાન થયુ છે. પરંતુ કારચાલકનો આબાદ બચાવ થયો છે. મોડી સાંજે અકસ્માત થતા ટ્રાફિક જામના દેશ્યો સર્જાયા હતા. બનાવની જાણ ઈન્ફોસીટી પોલીસને થતાં ટ્રાફિક ક્લીયર કરાયેલ હતો.

## ગાંધીનગર ડેપોમાં શહેરી અને ગ્રામ્ય બસ સ્ટોપ પર સી સી કેમેરા બંધ

**ડેપોમાં પોલીસ ચોકીના અભાવે આમ પણ મુસાફરોની સલામતી જોખમાઇ છે ત્યારે કેમેરા પણ બંધ હોવાથી જાણભેદુ ગઠીયાઓ ગમે ત્યારે હાથફેરો કરી લે તેવી દહેશત**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર એસ ટી ડેપોને સ્માર્ટ ડેપો બનાવાની યોજના લાંબા સમયના અંતે પણ સાકાર થઈ નથી ત્યારે એસ ટી ડેપોને મુસાફરો માટે સલામત બનાવવા માટે પણ કોઈ આયોજન થતુ નથી. ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવતી નથી જયારે હાલ સી સી કેમેરા પણ બંધ છે. ડેપોના ગ્રામ્ય અને શહેરી સ્ટોપ પર ૬ સી સી કેમેરા બંધ હાલતમાં હોવાથી ગમે ત્યારે જાણભેદુ ગઠીયાઓ હાથફેરો કરી લે તેવી દહેશત છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામતીનો મુદ્દો આમ પણ રામભરોસે છે. ડેપોમાં વર્ષોના અંતે પોલીસ ચોકી પણ કાર્યરત થઈ શકી નથી જયારે એસ ટી ડેપોને સ્માર્ટ બનાવાની યોજના પણ હજુ અધ્ધરતાલ છે. ત્યારે એસ ટી ડેપોમાં સી સી કેમેરા પણ છેલ્લા ઘણાં સમયથી બંધ છે. એસ ટી ડેપોમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના બસ સ્ટોપ પર સી સી કેમેરા છેલ્લા ઘણાં સમયથી બંધ હોવાના લીધે મુસાફરોની સલામતી સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. ડેપો સંકુલમાં આમ પણ જાણભેદુ ગઠીયાઓ તક મળતા જ મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી જાય છે. જેના લીધે મુસાફરોના મોબાઈલ અને પાકીટની પણ ઉઠાંતરી થતી હોવાના કીસ્સાઓ પણ સમયાંતરે ધ્યાને આવે છે.

એસ ટી ડેપોમાં વર્ષોથી પોલીસ ચોકી કાર્યરત કરવા માટે રજુઆત કરવામાં આવી રહી છે. આમછતા હજુ સુધી કાંઈ થયુ નથી ત્યારે ડેપો સંકુલમાં કુલ ૧૦ સી સી કેમેરા લગાવાયા છે. આ પૈકી ૬ કેમેરા બંધ હાલતમાં છે. સી સી કેમેરા બંધ હોવાના લીધે તસ્કરોને પણ ફાવતુ મળે તેવી સ્થિતિ છે. ડેપોમાં સ્થિત શહેરી અને ગ્રામ્ય વિસ્તારના સ્ટોપ પર આમ પણ હવે મુસાફરોની ભીડ વધી છે. ત્યારે કેમેરા પણ બંધ હોવાના લીધે ગઠીયાઓ ગમે ત્યારે હાથફેરો કરી લે તેવી દહેશત પણ મુસાફરોમાં પ્રબળ બની છે. આ અંગે સ્ટાફ કક્ષાએથી પણ સી સી કેમેરા ચાલુ કરવા માટે રજુઆત કરવામાં આવી છે.

# પ્રચારમાં કાર્યકરોને જોતરવા ભાજપ-કોંગ્રેસે જોર લગાવ્યું

અમદાવાદ, તા. ૯

મ્યુનિ. ચૂંટણી માટે ભાજપ અને કોંગ્રેસ સહિતનાં પક્ષોનો ચૂંટણી પ્રચાર શરૂ થઈ ગયો છે, ત્યારે નારાજ કાર્યકરો-સિનિયર કોર્પોરેટરોને મનાવીને કામે લગાડી દેવા માટે ધારાસભ્યોએ મીટિંગ અને ડિનર ડિપ્લોમસીનો રાહ અપનાવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરનાં ૪૮ વોર્ડમાં સોમવાર સાંજ સુધીમાં ભાજપનાં ચૂંટણી કાર્યાલયો શરૂ કરી દેવા દોડાદોડી ચાલી રહી છે અને કેટલીય જગ્યાએ મોડી રાત સુધી ઉદઘાટનો ચાલ્યા હતા. આ સાથે જયાં ચૂંટણી કાર્યાલય શરૂ થઈ ગયાં છે ત્યાં કાર્યકરો અને પડતા મુકાયેલાં કોર્પોરેટરો તેમજ નારાજ ટિકિટવાંચ્છુ દાવેદારો વગેરેને દરરોજ હાજરી પુરાવવા સૂચના અપાઈ હોવાનુ જાણવા મળ્યું છે.

એટલું જ નહિ મોટાભાગનાં વોર્ડમાં નવા ઉમેદવારો મેદાનમાં ઉતારાયા છે તે પૈકી કેટલાય એવા છે જેમને ભાજપનાં કાર્યકરો જ ઓળખતા નથી તેવી ચોંકાવનારી માહિતી આપતાં સૂત્રોએ કહ્યું કે, આવા નવાનક્કોર ચહેરાની ઓળખાણ કરાવવા માટે તેમજ નારાજ કાર્યકરો તેમના માટે પ્રચાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં કેટલાકને જમણવારની ધારણા હતી, પરંતુ ધારાસભ્યે ફક્ત ગોટા ખવડાવી દેતાં જેટલા હાજર હતા તેઓ પણ કરકસરનાં પગલાથી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં હતા. એટલુ જ નહિ આ વિધાનસભાનો કાર્યક્રમ હોવા છતાં ૫૦૦થી ઓછા કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા તે દર્શાવે છે કે, કાર્યકરોની નારાજગી હજુ દૂર થઈ નથી. જુના પડતા મુકાયેલાં કોર્પોરેટરો તો નાછૂટકે હાજર રહ્યાં હતા. જયારે નવા પશ્ચિમ ઝોનનાં સહિતની કામગીરીમાં જોડાઈ જાય તેની જવાબદારી ધારાસભ્યો ઉપર ઢોળવામાં આવી છે. જેમાં એક વિધાનસભામાં નવા ઉમેદવારોના ઈન્ટ્રોડકશન માટે એક પાર્ટીપ્લોટમાં મોવડીમંડળે લીધેલાં નિર્ણયથી અસંતોષનું ભૂત હજુય ધૂણી રહ્યું છે અને ચૂંટણી પ્રચારમાં કાર્યકરોની ભીડ દેખાતી નથી, તેને છુપાવવા માટે કોરોના ગાઈડલાઈનનાં બહાના કાઢવામાં આવી રહ્યાં છે. જુના અને તાજેતરમાં પડતા મુકાયેલાં કોર્પોરેટરો પણ કહેવાતી હાજરી પુરાવી ધીમે રહીને છટકી જતાં હોવાનું કાર્યકરોમાં ચર્ચાઈ રહ્યું છે. આ બધાને મનાવવા-સમજાવવા માટે આગામી દિવસોમાં તમામ વિધાનસભા મતવિસ્તારમાં પાર્ટીપ્લોટ વગેરે જગ્યાએ મીટિંગ અને ભોજન સમારંભ યોજવામાં આવનાર છે.

## પેથાપુરના સેન્ચુરિયન રકતદાતા નારાયણભાઈ પટેલે કોરોના કાળમાં ચાર વાર રકતદાન કર્યું

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં કોરોના મહામારી દરમ્યાન સરકારી ફરજ બજાવતા તબીબી સ્ટાફ, પોલીસ કર્મીઓ, વહીવટી તંત્રના કર્મચારીઓ જેવા કોરોના વોરિયર્સ સહિત સેવા સાથે જોડાયેલા અનેક સ્વયંસેવકો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ પોતાની રીતે ફરજ સમજી સેવાઓ આપી હતી. આ કોરોના કાળમાં રકતદાનની પ્રવૃત્તિમાં ભારે ઓટ આવી હતી. પરંતુ તેમાં પણ અસંખ્ય રકતદાતાઓએ પોતાના જીવની ચિંતા કર્યા વગર રકતદાન કરીને અછતને પહોંચી વળવા ભરપુર પ્રયાસ કર્યા હતા જેમાં પેથાપુરના સેન્ચુરિયન રકતદાતા નારાયણભાઈ બી. પટેલનો પણ સમાવેશ થાય છે જેમણે લોકડાઉનના ગાળા સહિત ૨૦૨૦ના વર્ષમાં કુલ ચાર વાર રકતદાન કર્યું હતું.

પેથાપુરના સેન્ચુરિયન રકતદાતા નારાયણભાઈએ જનતા કરફયુના બીજા જ દિવસે એટલે કે તા. ૨૩મી માર્ચે રકતદાન કર્યું હતું તે પછી તેમણે નિયમિત અંતરે તા. ૨૨મી જુન, તા. ૨૨મી સપ્ટેમ્બર અને તા. ૨૨મી ડિસેમ્બરે રકતદાન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે નારાયણભાઈને સેન્ચુરિયન રકતદાતા તરીકે પૂર્વ રાજયપાલ ઓ.પી. કોહલી તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સન્માનિત કરી ચુકયા છે.

# મતગણતરી માટેની ચૂંટણી પંચે બહાર પાડી એસોપી

ગાંધીનગર, તા.૯

કોરોના મહામારી વચ્ચે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ચૂંટણી પંચે માર્ગદર્શિકા જાહેર કરી છે. જે મુજબ મતગણતરી હોલમાં ૭થી વધુ ટેબલ ગોઠવી શકાશે નહીં. તમામ સ્ટાફે માસ્ક ફરજીયાત પહેરવું પડશે. સાથે જ હોલને સેનિટાઈઝ કરવો પડશે. થર્મલ ગન રાખવી પડશે. તેમજ યોગ્ય પબ્લિક એડ્રેસ સિસ્ટમ ગોઠવવાની પણ સૂચના અપાઈ છે. જો મતગણતરી એજન્ટ કોરોના પોઝિટિવ જણાય તો અન્યની નિમણૂંક કરી શકાશે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે પ્રકારે હોલનુ આયોજન કરવું પડશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી માટે ચુંટણી પંચે માર્ગદર્શિકા જાહેર કરી દીધી છે. કોરોના સંક્રમણના પગલે માર્ગદર્શિકાનું ફરજિયાતપણે પાલન કરવા જણાવાયું છે. જેમાં મત ગણતરી હોલમા સાત કરતા વધુ ટેબલ ગોઠવી શકાશે નહીં, જેના કારણે વધારે લોકો ભેગા નહીં થઈ શકે. મતગણતરીમાં રોકાયેલ તમામ સ્ટાફે પોતાના માઢે માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે. મતગણતરી પહેલા હોલને સેનેટાઈઝ કરવો પડશે, એટલું જ નહીં, થર્મલ ઘનની વ્યવસ્થા રાખવા પણ સુચના અપાઈ છે. મત ગણતરી એજન્ટ કોરોના પોઝિટીવ જણાય તો અન્ય એજન્ટ નિમી શકવાની ઓથોરિટી આપવામાં આવી છે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે પ્રકારે હોલનુ આયોજન કરવુ પડશે. મત ગણતરી સ્થળ પર યોગ્ય પબ્લિક એડ્રેસ સિસ્ટમ ગોઠવવા પણ સુચના અપાઈ છે.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ગાઈડલાઈન

કોરોના મહામારીને લઈને ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે અલાયદી ગાઈડલાઈન જાહેર કરી છે અને તેને અનુરૂપ વ્યવસ્થાના આદેશો પણ કરાયા છે. કોરોના મહામારીની વચ્ચે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ સંભળાઈ રહ્યા છે, રાજ્યમાં તેનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. ગાઈડલાઈનમાં કે શક્ય હોય ત્યાં સુધી ઓનલાઈન પ્રચાર કરવા સૂચન અપાયું છે. આ સિવાય અનેક નેતાઓ કોરોના સંક્રમિત થયા છે, જેના કારણે કોરોના સંક્રમિત ઉમેદવારોએ ઓનલાઈન પ્રચાર કરવો પડશે.

રાજ્યમાં મેળાવડા માટે જિલ્લાના અધિકારીઓને જવાબદારી સોંપાઈ છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈ કોવિડ માટે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. જેનું દરેક પાર્ટીએ કડકાઈપૂર્વક પાલન કરવાનું રહેશે. રાજ્યમાં હાલ કોવિડનું સંક્રમણ ધીમી ગતિએ ચાલી રહ્યું છે, પરંતુ અચાનક તેમાં કોઈ વધારો ન આવે તેના માટે સરકાર કોઈ છૂટછાટ લેવા તૈયાર નથી. કોવિડ સંક્રમણ રોકવા અને નિયમોના પાલન માટે રાજ્ય કક્ષાએથી લઈ નગરપાલિકાઓ અને તાલુકા કક્ષાએ નોડલ ઓફિસરની નિમણૂક કરવાના નિર્ણય કરવામાં આવ્યો છે. આ સિવાય કોઈ પણ ઉમેદવારે ડોર ટુ ડોર પ્રચાર માટે પાંચ વ્યક્તિઓને જ મંજૂરી આપવામાં આવી છે.